# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-07-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

- નીતિ આયોગના 'સંપૂર્ણતા અભિયાન' અંતર્ગત રાજ્યના 13 તાલુકાઓમાં વિવિધ કાર્યક્રમોનો પ્રારંભ.
- વડી અદાલતે રાજકોટ આગ દુર્ઘટના મામલે આગામી 25 જુલાઈ સુધીમાં વિસ્તૃત અહેવાલ રજૂ કરવા રાજ્ય સરકારને આદેશ કર્યો.
- દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના કેટલાંક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી..
- પાણી પુરવઠામંત્રી કુંવરજી બાવળીયાએ મોરબી ખાતે 50 કરોડના ખર્ચે પાણી પુરવઠા યોજનાનું લોકાર્પણ કર્યું.
- 'એક પેડ મા કે નામ' પહેલ અંતર્ગત રાજ્યના નાગરિકો હવે નજીવી કિંમતે રોપાં મેળવી શકશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Guj. SAMPURNATA ABHIYAAN

કેન્દ્ર સરકારના નીતિ આયોગ દ્વારા "મહત્વકાંક્ષી તાલુકા કાર્યક્રમ" અંતર્ગત ગુજરાત રાજ્યનાં 10 જિલ્લાનાં 13 તાલુકાઓનો સમાવેશ કરાયો છે. રાજ્યના આ તમામ મહત્વકાંક્ષી જિલ્લાઓ અને તાલુકાઓમાં આરોગ્ય, પોષણ, કૃષિ, સામાજિક વિકાસ અને શિક્ષણ સહિતના સૂચકાંકોમાં 100 ટકા સિદ્ધિ હાંસલ કરી શકાય તે હેતુથી "સંપૂર્ણતા અભિયાન" શરૂ કરાયું છે.

જે અંતર્ગત પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના કણબી પાલ્લી ખાતે વિવિધ અધિકારીઓની ઉપસ્થિતિમાં "સંપૂર્ણતા અભિયાન" કાર્યક્રમનો પ્રારંભ કરાયો. આ પ્રસંગે પંચમહાલ જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું કે, ગ્રામ્ય સ્તરે આંગણવાડી કેન્દ્રની આશા બહેનો,સખી મંડળની બહેનો થકી દરેક ઘર સુધી પહોંચીને સગર્ભા માતાઓને પૂરક પોષણ આપવામાં આવશે તેમજ ખેડૂત મિત્રોને 100 ટકા સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરાશે.

નર્મદા જિલ્લામાં લાછરસ આરોગ્ય કેન્દ્ર ખાતેથી શરૂ કરાયેલ “સંપૂર્ણતા અભિયાન”માં મહાનુભાવોના હસ્તે તાલુકાની સગર્ભા બહેનોને મમતાકાર્ડ અને THRનું વિતરણ, સખી મંડળની બહેનોને રિવોલ્વિંગ ફંડ, પાત્રતા ધરાવતા લાભાર્થીઓને આરોગ્ય વિભાગના 'નિરામય કાર્ડ'નું પણ વિતરણ કરાયું.

બીજી તરફ પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકામાં તેમજ કચ્છના દયાપર ખાતેથી લખપત અને રાપર તાલુકા માટે સંપૂર્ણતા અભિયાન શરૂ કરવામાં આવ્યું.

આ સાથે ડાંગ, સુરેન્દ્રનગર અને છોટા ઉદેપુરમાં પણ આ અભિયાનનો આરંભ કરાયો..

# HC- RAJKOT TRP CASE

રાજ્યની વડી અદાલતે રાજકોટ ટી.આર.પી ઝોન આગ દુર્ઘટના મામલે સુનાવણી કરતા,આગામી 25 જુલાઈ સુધીમાં ફાયર સેફ્ટી અંગે વિસ્તૃત માહિતી, SITનો અહેવાલ તેમજ શિક્ષણ વિભાગ દ્વારા ફાયર સેફ્ટી માટેના પગલાં સહિતના અહેવાલ રજૂ કરવા રાજ્ય સરકારને આદેશ કર્યો છે. વડી અદાલતે આગ દુર્ઘટના અંગે જાતે નોંધ લઈને સુનાવણી કરતા આ આદેશ આપ્યો છે. આ વિશે વિધુ માહિતી આપી રહ્યા છે એડ્વોકેટ અસોસિએશનના પ્રમુખ બ્રિજેશ ત્રિવેદી....

**(બાઇટ- બ્રિજેશ ત્રિવેદી)**

# WEATHER

રાજ્યના બનાસકાંઠા, નર્મદા. તાપી અને સુરત જીલ્લાઓમાં આગામી 24 કલાકમાં છૂટાછવાયા વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે. એવી જ રીતે, મધ્ય અને દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. આ સમયગાળામાં જમીન ઉપર પવનની ગતિ 30થી 40 કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

દરમિયાન રાજ્યમાં છેલ્લા 36 કલાકમાં સૌથી વધુ 130 મિલીમીટર વરસાદ મહેસાણાના કડીમાં નોંધાયો છે. આ ઉપરાંત ઇડર તાલુકામાં 80 મિલીમીટર, હાંસોટ અને નેત્રંગમાં 50, જોટાણા, પ્રાંતિજ અને ભિલોડામાં 40, વિજાપુર, માણસા, રાજપીપળા, ભરૂચ, પાલનપુર અને દેત્રોજમાં 30 જ્યારે 30 તાલુકાઓમાં 20 મીલીમીટર કે તેથી ઓછો વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગની યાદીમાં આગામી છ દિવસ દરમિયાન ઘણા વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના દર્શાવવામાં આવી છે.

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર બાદ આજે બનાસકાંઠાના દાંતામાં ચાર કલાકમાં 8 ઇંચ જેટલો વરસાદ ખાબક્યો. સમગ્ર રાજ્યમાં સરેરાશ 20.15 ટકા વરસાદ નોંધાયો છે જેમાં કચ્છમાં સરેરાશ 25.59 ટકા, ઉત્તર ગુજરાતમાં 13.71 ટકા, મધ્ય ગુજરાતમાં 12.95 ટકા, સૌરાષ્ટ્રમાં 29.08 ટકા અને દક્ષિણ ગુજરાતમાં 20.97 ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે.

## GUJ. MONGHVARI BHATHHU

રાજ્ય સરકારે સાતમા પગાર પંચનો લાભ મેળવતા ગુજરાત સરકારના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં ૪ ટકા વધારાનો લાભ ગત ૧ જાન્યુઆરી ૨૦૨૪થી આપવાની જાહેરાત કરી છે.

આ મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા અન્ય એમ કુલ ૪ લાખ ૭૧ હજાર કર્મયોગીઓ અને અંદાજે ૪ લાખ ૭3  હજાર જેટલા નિવૃત્ત કર્મચારીઓ મળવાપાત્ર થશે.

મોંઘવારી ભથ્થાની ૬ માસની એટલે કે ૧ જાન્યુઆરી ૨૦૨૪ થી 30 જૂન ૨૦૨૪ સુધીની તફાવતની રકમ ત્રણ હપ્તામાં પગાર સાથે ચૂકવવામાં આવશે. રાજ્ય સરકાર તફાવતની રકમ પેટે ૧ હજાર ૧30 કરોડ રૂપિયાની કર્મચારીઓને ચુકવણી કરશે.

## RAJKOT- SWACHHTA SARVEKSHAN

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલ સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૪ના ભાગરૂપે કરાયેલી સ્વચ્છતા રેન્કિંગ સ્પર્ધામાં ઝનાના હોસ્પિટલ અને આવકવેરા ભવન મોખરે રહ્યા છે. રાજકોટ મહાનગરપાલિકાના કમિશ્નર તથા શહેરના મેયર દ્વારા રાજકોટની પી.ડી.યુ. હોસ્પિટલ સંલગ્ન MCH વિંગ – ઝનાના હોસ્પિટલને પ્રમાણપકત્ર એનાયત કરાયું હતું.. આ સ્પર્ધામાં રાજકોટની તમામ હોસ્પિટલ, ખાનગી હોસ્પિટલ અને સરકારી હોસ્પિટલ જોડાઇ હતી..

## GUJ.- SARDAR PATEL AWARD

રાજ્ય સરકારે ભારતની એકતા અને અખંડિતતાને વધુ પ્રોત્સાહન આપવાના હેતુથી 'સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા પુરસ્કાર - ૨૦૨૪' આપવાનો નિર્ણય લીધો છે. આ પુરસ્કાર માટે પાત્રતા ધરાવતા હોય તેવા નાગરિકો, સંસ્થાઓ અને સંગઠનો આગામી ૩૧મી જૂલાઈ, ૨૦૨૪ સુધીમાં awards.gov.in ઓનલાઈન પોર્ટલ પર અરજી કરી શકશે. પુરસ્કાર પ્રદાન કરવા માટેના નામાંકન ભલામણ માત્ર ઓનલાઈન પોર્ટલ પર ઉપલબ્ધ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ પુરસ્કાર સરદાર વલ્લભભાઈ પટેલની આગામી જન્મજયંતી ૩૧ ઓક્ટોબરના 'રાષ્ટ્રીય એકતા દિવસે' એનાયત કરવામાં આવશે, તેમ ગૃહ વિભાગ ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## MORBI- KUVRJI BAVALIYA

પાણી પુરવઠામંત્રી કુંવરજી બાવળીયા દ્વારા આજે મોરબી ખાતે રવાપર ગામની પાણી પુરવઠા યોજનાનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, 50 કરોડના ખર્ચે તૈયાર કરાયેલ આ પ્લાન્ટ ઉપરાંત આગામી દિવસોમાં વાંકાનેર, ઉપરાંત મોરબી-માળિયા અને ટંકારા-પડધરી ખાતે બનવા જઈ રહેલી યોજનાથી મોરબી જિલ્લાના તમામ ચારેય તાલુકામાં પીવાના પાણીની સમસ્યા દૂર થશે. વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું....

**(બાઇટ- કુંવરજી બાવળિયા)**

## EK PED MA K NAAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલી પહેલ ‘એક પેડ મા કે નામ’ને આગળ ધપાવતા રાજ્યના વન વિભાગે ગુજરાતને હરિયાળું બનાવવા માટે અનોખી પહેલ શરૂ કરી છે.

રાજ્યભરમાં નાગરિકો હવે નજીવા દરે રોપાંઓ મેળવી શકશે. આ માટે વન વિભાગ દ્વારા એક ‘QR કોડ’ લૉન્ચ કરાયો છે. જેને સ્કેન કરવાથી નજીકમાં ઉપલબ્ધ નર્સરી વિશે માહિતી મેળવી શકાશે. આ QR કોડ સ્કેન કરતા ગુજરાત વન વિભાગની તમામ નર્સરીઓની માહિતી દર્શાવતો નક્શો જોવા મળશે. આ સાથે જ ટોલ ફ્રી નંબર ૧૯૨૬ તેમજ વોટ્સએપ નંબર ૮૩૨૦૦૦૨૦૦૦ પર મેસેજ અથવા ફોન કરીને પણ નર્સરી વિશેની માહિતી મેળવી શકાશે.

# NEWS IN BRIF

અને હવે રાજ્યના અન્ય સમાચારો સંક્ષિપ્તમાં...

- રાજકોટમાં મહાનગરપાલિકા દ્વારા વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો માટે વિનામૂલ્યે લાઇબ્રેરી સેવા શરૂ કરાઈ.
- રાષ્ટ્રીય બાલ આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત મહેસાણામાં 1500થી વધુ શાળાઓ 3 લાખ 70 હજાર બાળકોની આરોગ્ય તપાસ શરૂ કરાઈ.
- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા રાજ્યને ઝીરો વેસ્ટ બનાવવાના હેતુ, નવસારી ખાતે ‘સ્વચ્છ ભારત મિશન અર્બન અને નિર્મળ ગુજરાત થકી ઝીરો વેસ્ટ તરફ’ પહેલની શરૂઆત કરાઈ. જે અંતર્ગત જિલ્લા કલેકટરની ઉપસ્થિતિમાં એક દિવસીય તાલીમ કાર્યકમ યોજાયો.
- ઉપલેટામાં તણસવા કારખાના વિસ્તારમાં મોટી સંખ્યામાં કૉલેરાના કેસો સામે આવતા, આસપાસના વિસ્તારોની તપાસ હાથ ધરાઈ હતી.

કલેક્ટર ઑફિસ દ્વારા જામકંડોરાણા અને ધોરાજી તાલુકાના આરોગ્ય કર્મચારીઓની 45 જેટલી ટીમ બનાવી, પાંચ દિવસમાં અંદાજે ૭૧,૭૮૮ જેટલા લોકોની આરોગ્ય તપાસ કરવામાં આવી..

- વલસાડ જિલ્લામાં આત્મા પ્રૉજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે એ હેતુથી જિલ્લામાં 3196 તાલીમ કાર્યક્રમો યોજાયા, જે અંતર્ગત 92326 ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની માહિતી આપવામાં આવી.
- GMERS કોલેજો દ્વારા MBBSના અભ્યાસમાં ફી વધારા સામે સુરતમાં વિરોધ પ્રદર્શન યોજાયું. કલેક્ટર કચેરી ખાતે વાલીઓ અને વિદ્યાર્થીઓએ સૂત્રોચ્ચાર કરીને ફી વધારોનો વિરોધ નોંધાવ્યો. GMERS અંતર્ગતની કૉલેજોમાં સરકારી ક્વોટાની ફી 3.30 લાખથી વધારીને 5.5૫ લાખ, જ્યારે મેનેજમેન્ટ ક્વોટાની ફી રૂ.9.00 લાખથી વધારીને 17.00 લાખ કરવામાં આવી છે.
- રાજકોટ જિલ્લામાં 31 ઓગષ્ટથી જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સઘન ઝાડા નિયંત્રણ પખવાડિયાની ઉજવણી કરાશે, જે અંતર્ગત વિવિધ આરોગ્યલક્ષી કામગીરી હાથ ધરાશે.
- અરવલ્લી જીલ્લા આરટીઓ કચેરી ખાતે 1 હજાર 111 વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કલેક્ટર અને આરએફઓ અધિકારીઓ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કર્યું હતું.
- ગાંધીનગર જિલ્લા કલેકટર મેહુલ દવેએ મહુન્દ્રા ગામમાં આવેલા ગીર ગૌ-સત્વ પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લઈ, આસપાસના 10 ગામના ખેડૂતો સાથે કૃષિ ગોષ્ઠિ કરી હતી.

# RAGHVJI PATEL- SOMS

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે પ્રવાહી ખાતર ઉદ્યોગ સંગઠન અને ઇન્ફીનિટી એક્સ્પો દ્વારા આયોજિત “SOMS પ્રદર્શન અને પરિષદ”નો આજે આરંભ થયો છે.. કૃષિમંત્રી રાઘવજી પટેલે આ પ્રદર્શન અને પરિષદને ખુલ્લુ મૂકતાં જણાવ્યું હતું કે, પાકમાં સૂક્ષ્મ તત્વોની રહેલી આ ઘટને પૂર્ણ કરવામાં SOMS મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# GUJ. SUJLAM SUFLAM YOJNA

સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળના સાતમા તબક્કામાં રાજ્યમાં પાણીની સંગ્રહ ક્ષમતા વધીને 11 હજાર 523 લાખ ઘનફૂટ થઇ છે.

રાજ્ય સરકારની આ વિશિષ્ટ પહેલમાં જળ સંસાધન, જળ વિતરણ, વન અને પર્યાવરણ, શહેરી વિકાસ અને મહાનગરપાલિકા, નર્મદા નિગમ, શિક્ષણ વિભાગ અને પંચાયત તેમજ ગ્રામીણ વિકાસ જેવા વિભાગોના સમન્વયની સાથે સાથે મોટી સંખ્યામાં જનભાગીદારી પણ જોવા મળી છે.

સુજલામ સુફલામ જળ અભિયાનના સાતમા તબક્કા હેઠળ થયેલા કાર્યોની વિગતવાર જાણકારી આપતા જળ સંસાધન વિભાગના સચિવ બી કે રાબડિયાએ જણાવ્યું કે, આ અભિયાન હેઠળ આ વર્ષે 9 હજાર 374 કામો કરવામાં આવ્યા છે. આ દરમિયાન 7 લાખ 23 હજાર માનવ રોજગારીનું સર્જન પણ થયું છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યના આ ભગીરથ પ્રયાસનો વ્યાપક ઉદ્દેશ રાજ્યના શુષ્ક પરિદ્રષ્યને બદલવાનો છે. આ વ્યાપક અભિયાન ભૂગર્ભ જળના સ્તરને વધારવા, જળાશયોની સફાઈ કરવા અને પરંપરાગત જળ સંસાધનોને પુનર્જીવિત કરવા પર કેન્દ્રિત છે..